# હરિસ્મૃતિ


year: 3, volume :2,
March 2020
Retail copy Rs. 10/-









લાડીલો લાલ





સુરત મુકામે સમસ્ત મંદિરો વતી પ.પૂ. સદ્. શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી તથા તેમના નવદિક્ષીત સર્વે સંતોની સ્વાગત સભાની દિવ્ય સ્મૃતિઓ...

































શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડમાં ઉજવાયો યુવા અધિવેશન મહોત્સવ - ૬

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮
આચાર્ય શ્રી
રાકેશપ્રસાદજી મહારાજ





પ.પૂ. સદ્. શ્રી
હરિજીવનદાસજી સ્વામી



'હરિસ્મૃતિ અંક'ના
ગ્રાહક
બનો અને બનાવો


year : 3, volume : 2, March 2020.
દર મહિનાની ૧૫ મી તારીખે
પ્રકાશિત થતો અંક

✺ સંસ્થાપક ✺
પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

✺ તંત્રી ✺
સાધુ ધ્યેયસ્વરૂપદાસજી

✺ માલિક - પ્રકાશક ✺
શ્રી સ્વામિનારાયણ ટ્રસ્ટ
શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ

✺ પ્રકાશન તથા પત્ર વ્યવહાર ✺
'હરિસ્મૃતિ' મેગેઝિન કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
શ્રી સહજાનંદ ચોક, વેડરોડ,
સુરત. - ૩૯૫૦૦૪
મો. નં. :- ૯૬૦૧૨ ૮૧૭૦૪

✺ લવાજમ દર ✺
છુટક કિંમત : રૂા.૧૦/-,
વાર્ષિક : રૂા.૧૦૦/-, બે વર્ષ : રૂા.૧૭૫/-
પંચ વાર્ષિક : રૂા.૩૫૦/-, વીસ વર્ષ : રૂા.૭૫૦/-

✺ મુદ્રક ✺
ઓમ આર્ટ - સુરત


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કથામૃતમ્ |
| ૬ | દ્રઢતા તેની રે... (ભાગ - ૫) |
| ૮ | ગુડી પડવો |
| ૧૦ | સત્સંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં... |
| ૧૨ | પળે પળે પુરે પરચા |
| ૧૪ | બાળ કલરવ |
| ૧૬ | કોરોના વાઈરસ |

# કથામૃતમ્

**પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામીએ 'યુવાઅધિવેશન'માં કરેલ કથામાંથી સંકલિત**



- ભગવાનને પોતાના ભક્ત વાલા છે. તેથી જ જુઓને બદ્રિકાશ્રમમાં રહ્યા થકા નરનારાયણ ભગવાન આપણા માટે તપ કરે છે.
- ભગવાનની આજ્ઞા-વચન એવા છે કે, જેમાં આપણે રહીએ તો સંસારના બંધનો તૂટી જાય. કોઈ પણ મલિન વાસના ન રહે નહીં; હૃદય પવિત્ર થઈ જાય. જેમ જીવ ચોખ્ખો છે, તેમ અંતઃકરણ પવિત્ર થઈ જાય; અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે જ એ 'હૃદય મંદિર'માં ભગવાન આવીને નિવાસ કરે છે.
- સવારે વહેલા ઊઠીને ભજન કરવું; પણ અન્ય પ્રવૃત્તિ ન કરવી.
- મહારાજને તો પોતાની મૂર્તિનું સુખ જ દેવું છે.
- ભગવાનની વાતો સંસારના દુઃખોને હરનારી છે.
- મહારાજે સેવા બાબતે એક એવો પર્સનલ નિયમ રાખ્યો હતો કે, 'જ્યારે જ્યારે ઉત્સવ સમૈયામાં સંતો ભેગા થાય ત્યારે ત્યારે મારે સંતોને પીરસવું.
- જગતમાં ઉજવાતા ઉત્સવોમાં બિભત્સતા, વિવેક હીનતા વગેરે બાબતો જોવા મળતી હતી, તેથી મહારાજે હોળી, રાસોત્સવ વગેરે જેવા ઉત્સવો અપનાવીને ઉત્સવોમાં દિવ્યતા પ્રગટાવી છે.
- જુવાની એ ધસમસતો પ્રચંડ પ્રવાહ છે. જો તેને સહી દિશામાં વાળતા ન આવડ્યો તો તે ખીણમાં ધકેલી દે છે. પણ જ સત્પુરુષરૂપી સરિતામાં મળે તો તે મહારાજરૂપી મહાસાગરને જરુર મળે.
- ભગવાન અને મોટા સંતો કળાને મહત્વ આપતા નથી પણ સદ્‌ગુણોને મહત્વ આપે છે.
- જો કળાનો ઉપયોગ ભગવાન અને સંતોને રાજી કરવા માટે વપરાય તો તે સાર્થક ગણાય છે.
- જ્ઞાન, વૈરાગ્ય ધર્મ અને ભક્તિ સત્સંગના મૂળ છે.
- સદ્‌ગુણોનું સ્થાન ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિમાં રહેલું છે; જેનાથી ભગવાન અને સંતોનો રાજીપો મળે છે.
- આપણે સત્સંગ કરીએ સેવા કરીએ ધ્યાન કરીએ ભક્તિ કરીએ એ બધું જ દિલ દઈને કરીએ તો તે સાર્થક છે.
- દરેક સાધનો કરવામાં એવી જ ભાવના રાખીએ કે આ આધ્યાત્મિક સાધક દ્વારા માત્ર ને માત્ર મારો મહારાજ અને સંતો-ભક્તોનો રાજીપો મળે.
- ઠાકોરજી કેટલા ઉદાર છે જેમણે આ જગતના સર્વ લોકોને કેટલું બધું આપ્યું છે જેની કોઈ ગણતરી મહારાજ કરતા નથી પણ આપણે આપણા આધ્યાત્મિક સાધન કરવામાં ગણતરી કરીએ છીએ.
- શિક્ષાપત્રીમાં કહ્યા મુજબ વ્યવહાર કરીએ તો આર્થિક રીતે સુખી થઈએ.
- જીવનમાં ઘણીવાર નાણું હોય છે પણ ટાણું મળતું નથી માટે ખરા સમયે સેવા કરે તે સાર્થક થાય છે.
- આ ભજન વર્ષમાં ઘણા હરિભક્તોએ લાખોની સંખ્યામાં વંદના પાઠ કર્યા છે તેમજ ૧૧ કરોડ જેટલા મહામંત્રનું ઓનલાઈન લેખન કર્યું છે; આ હરિભક્તો પર ભગવાનનો અઢળક રાજીપો ઢળે.

**પેજ નં. '૧૫'નું અનુસંધાન ચાલુ...**

તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, 'આ તો અભિમાની છે. ત્યાગી થઈને આટલું અભિમાન રાખે તે ઠીક નહિ. એમ કહેતાં તત્કાળ પોતાની ઈચ્છાથી વ્યાઘ્રચર્મનો મોટો શીલંકો વાઘ થઈ ગયો.

તેને જોઈને વૈરાગી તો એકદમ ત્રાસ પામીને ઉભો થઈ ગયો અને બોલ્યો જે, 'ઓય બાપ રે, આ વાઘે મને મારી નાખશે.' તે જોઈને બીજા સર્વે વૈરાગી પોત-પોતાનાં આસન પડતાં મૂકીને તત્કાળ ચારે તરફ નાસીને છિન્નભિન્ન થઈ ગયા.

ત્યારે ઘનશ્યામ મહારાજે સર્વેને પાછા બોલાવીને ધીરજ આપીને કહ્યું જે, 'આવો ! તમોને કોઈને આ વાઘ મારશે નહિ. એ તો અભિમાની માટે છે.' તેવું સાંભળીને અભિમાન કરનારો વૈરાગી છેટો ઉભો રહીને નમસ્કાર કરીને બોલ્યો જે, 'હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરીને તે વાઘને દૂર કરો.'

ત્યારે દયાળુ ભગવાને વાઘને રજા આપી. તેથી તત્કાળ મોટી ફાળ ભરતો સતો બગીહા વનમાં નાસી ગયો. તે જોઈને સર્વે વૈરાગી તથા પેલો અભિમાની વૈરાગી પણ પોતાના માનનો ત્યાગ કરીને ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને અતિ નિર્માની થઈને સ્તુતિ કરવા લાગ્યો.

તે જોઈને બીજા સર્વે વૈરાગી એમ બોલ્યા જે, 'અહો ! હે ધર્મદેવ ! આ તમારા પુત્ર તો સાક્ષાત્ અમારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી છે.' આવી રીતનું મહા અલૌકિક ઐશ્વર્ય જોઈને આશ્ચર્ય પામતા હતા. ત્યારબાદ ધર્મદેવે સત્કારેલા વૈરાગી પોતાની જમાત લઈને ત્યાંથી ચાલ્યા તે અયોધ્યાપુરીમાં ગયા અને ધર્મદેવ પણ પોતાના બે પુત્રોને સાથે લઈને પોતાના ઘરે આવીને સર્વે પુરવાસી જનોને તે વાર્તા કહેતા હતા.

આવી રીતે આપણા ઘનશ્યામ મહારાજ થોડા એવા સિધા-સામાનમાં પણ હજારો વૈરાગીઓને જમાડ્યા અને પોતાનો ભગવાન પણાનો નિશ્ચય પણ કરાવ્યો. અને હા ! પેલા અભિમાની વૈરાગીને બરાબરનો પાઠ પણ ભણાવ્યો. આવા હતા આપણા ઘનશ્યામ મહારાજ...

આવા તો ઘનશ્યામ મહારાજના અનેકાઅનેક ચરિત્ર છે અને તે ચરિત્ર જો તમે દર મંગળવારે થતી ગુણાતીત બાળસભામાં આવો તેમજ તમારા ઘરે પણ પુસ્તકોમાંથી અથવા માતા-પિતા કે વડીલો પાસેથી આવા ચરિત્ર સાંભળશો તો તમારો આખાય દિવસનો થાક ઉતરી જશે ને એકદમ હળવા ફુલ થઈ જશો.

એટલે તમે પણ રોજ રાત્રે ઘરે આવીને મોબાઈલ કે ટી.વી. જોવા માટે બેસી જતા હશો અને મમ્મી-પપ્પા 'ના' પાડે એટલે ગમે નહીં. પણ વહાલા બાળકો એ મોબાઈલ અને ટી.વી. તો તમારું ભણતર પણ બગાડશે અને શરીર પણ બગાડશે તમારા માતા-પિતા તમારા દુશ્મન નથી પણ તમારા હિતકારી છે અને એટલા માટે જ તેઓ તમને 'ના' પાડે છે.

માટે આજથી મનોરંજન માટે ટી.વી. અને મોબાઈલ ગેમ્સનો ઉપયોગ ઓછો કરીને આપણા ઘનશ્યામ મહારાજના ચરિત્રો વાંચવા ને સાંભળવાનું ચાલું હો...ને...!!!

> **જ્યારે આપણું અંતઃકરણ શુદ્ધ થાય**
> **ત્યારે જ આપણા મહારાજ એ 'હૃદય મંદિર'માં**
> **આવીને રાજીપે સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે.**

# દ્રઢતા તેની રે... (ભાગ - ૫)

સાધુ અમૃતજીવનદાસ
ગુરુ :- પ. પૂ. સદ્.
શ્રી પ્રભુચરણદાસજી સ્વામી



ગઢડા મધ્ય પ્રકરણના ૫૯ના વચનામૃતમાં સ્વયં મહારાજે જેમને પાચમાં સ્થાને યાદ કર્યા છે. એવા 'સુરતના ભાલચંદ્ર શેઠ (ભાયચંદ શેઠ)' કે જેને મહારાજે યાદ કર્યા તે સમયે તેઓ અક્ષરધામમાં મહારાજની સેવામાં જ હતા. એવા ભક્તના જીવનરેખા નિહાળીશું.

વિ. સં. ૧૮૬૯ ની સાલમાં અતિ ભયંકર દુષ્કાળ પડ્યો હતો. ઓગણોતેરા કાળમાં અન્ન વિના ભૂખના દુઃખથી લાખો મનુષ્યો મૃત્યુ પામતા હતા. એ વખતે સંતો ચોતરફ ફરવું બંધ કરી મહારાજ પાસે ગઢપુરમાં આવીને વસ્યા હતા. દાદાખાચર સર્વે સંતોની સંભાવના કરતા.

તે જાણીને સંતોને વિશે આત્મબુદ્ધિવાળા સુખી સત્સંગીઓ એ કાળમાં શ્રીજી પાસે માગણી કરી સાધુઓ પોતાને ત્યાં લઈ ગયા હતા. કોઈ ગામ ૧૦ સંતો તો કોઈ સ્થળે ૨૫-૫૦ સાધુઓને તેડી જઈ જુદા જુદા પ્રદેશોના સત્સંગીઓએ સંતોની ઉત્તમ સેવા કરેલી.

એ વખતે સુરતના સત્સંગીઓની માગણીથી શ્રીજીમહારાજે ૫૦ સાધુઓ સાથે મુક્તાનંદ સ્વામીને સુરત મોકલ્યા હતા. સ્વામી ૫૦ સાધુઓ સહિત એક વર્ષ સુધી એ વખતે સુરતમાં રહ્યા હતા.

ત્યાર બાદ ફરીથી એક વખત શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે, તમે બસો સાધુઓ સાથે લઈને સુરત જાઓ.' પછી સ્વામી બસો સંતો સાથે લઈને સુરત આવ્યા અને છ મહિના સુધી રહીને સત્સંગ કરાવ્યો.

એ વખતે જોળી (ભિક્ષા) માગીને જે કાંઈ મળે તે સાધુઓએ જમી લેવું એવો રિવાજ હતો; તેથી સૌ સંતો વારા ફરતી શહેરમાં જોળી માગીને જીવન નિર્વાહ કરતા.

આ પ્રમાણે હરવખત સુરતમાં પધારતા સંતોના સદુપદેશથી સત્સંગ થયેલો.

જેમાં સૌથી પહેલાં શેઠ ભાઈચંદભાઈ સત્સંગી થયા. ત્યાર પછી શાહ લક્ષ્મીચંદ શેઠ, ચોક્સી લલ્લુભાઈ, કોટવાળ અરદેશર પારસી, મુનિબાવા, દરજી આત્મારામ વગેરે શહેરના પ્રતિષ્ઠિત લોકો ચૂસ્ત સત્સંગીઓ થયેલા. તેમાં ભાઈચંદ શેઠની ભક્તિનિષ્ઠા સર્વશ્રેષ્ઠ હતી.

ભક્ત ચિંતામણિના ૧૨૫ માં પ્રકરણમાં સ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

સુંદર ભક્ત સુરતના, અતિ હોંશિલા હરિજન;
સ્વામી સેવામાં સમરપ્યાં, જેણે તન મન ને ધન.

ભાઈચંદશેઠમાં સત્સંગનું અદ્‌ભુત બળ, સેવાની ઉત્કટ ભાવના અને સત્સંગ પ્રચારની તીવ્ર ધગશ હતી એથી એમણે અતિ કપરા કાળમાં પણ જીવનભર ભારે ખંત અને ઉત્સાહથી ભજન-સ્મરણ સેવા અને સત્સંગ વૃદ્ધિનાં શ્રેષ્ઠ કાર્યો કર્યાં.

તથા પોતાના સહવાસમાં આવનાર લોકોનાં હૃદય સત્સંગના રંગથી રંગી દીધાં હતાં. કોઈ ગમે તેવો મોટો હોય તો પણ તેઓ તેમની મહોબત કે શેહમાં લીધા સિવાય વણિક બુદ્ધિથી ધીરે ધીરે સત્સંગનો બીજાને ગુણ આવે તેવા ઉપાયો યોજતા.

વળી, સત્સંગીજીવનના બીજા પ્રકરણના

એકાવનના અધ્યાયમાં ભાલચંદ્ર (ભાઈચંદ) શેઠે 'ભક્તિ સંબંધી' પ્રશ્ન પૂછેલો છે.

તેના ઉત્તરમાં શ્રીજી મહારાજે સર્વ વેદ શાસ્ત્રના રહસ્યરૂપ ભક્તિનું માહાત્મ્ય સાથે ગૌરવ બતાવી 'નવધા ભક્તિ એ જ મોક્ષનું સરલ અને શ્રેષ્ઠ સાધન છે.' એમ ભાઈચંદશેઠને સમજાવેલું છે. આ આખો અધ્યાય વારંવાર ખૂબ જ મનન-ચિંતન કરવા જેવો છે. એમના હૃદયમાં પ્રથમ નંબરે શું હતું ? તે એક પ્રસંગ દ્વારા જાણીએ.

એક વખત અન્નકોટનો દિવસ હતો. 'અન્નકોટમાં જે વસ્તુ ઠાકોરજીને ન ધરાવાઈ હોય તે વસ્તુ આખા વર્ષમાં ખાવી નહિ' - આવું ભાઈચંદ શેઠને તલસ્પર્શી નિયમ હતું.

સુરતમાં પાપડીનું શાક બહુ ઉત્તમ ગણાય એટલે અન્નકોટમાં તો પાપડીનું શાક અવશ્ય હોવું જોઈએ. શેઠે શાક લેવા એક વ્યક્તિને મોકલ્યા અને ખાસ ભલામણ કરેલી કે, 'પાપડી ગમે તેટલી મોંઘી હોય તો પણ તે લીધા વિના આવશો નહિ.' પછી તે વ્યક્તિ આખી બજારમાં ફર્યો. ત્યારે એક ઠેકાણે પાપડી દીઠી.

જ્યાં તે દુકાનદાર પાસે ગયો ત્યાં એક વૈષ્ણવ ભક્ત આવ્યો. બંનેયની નજર પાપડી ઉપર હતી. અને એ સમયમાં પાશેર પાપડીની બે પૈસાથી માંગણી થઈ.

પછી તે એક બીજા હરિફાઈમાં ચડતા ચડતા બહુ જ આગળ વધી ગયા. છેવટે ૫૦ રૂપિયા આપીને પણ ભાઈચંદ શેઠે મોકલેલ વ્યક્તિએ પાશેર પાપડી લીધી. તેના મનમાં જરા ભય લાગ્યો કે, 'કદાચ શેઠ વઢશે તો ?'

પરંતુ શેઠ તો તેની હિંમત જોઈને ખૂબ જ ખુશ થયા અને તેને શાબાશી આપી કહ્યું કે, તમે સો રૂપિયા આપ્યા હોત તો પણ હું ખુશ થાત. પ્રભુની સેવામાં જે ધન વપરાય તે જ લેખે છે. આવા ઉત્કટ પ્રેમભાવથી શેઠ હરવખત સેવાઓ કરતા. તેથી સ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે -

વડા જન છે વણિકમાંઈ, ધન્ય ભક્ત ભાઈચંદભાઈ

અને વળી સં. ૧૮૭૭ ના ભાદરવા માસમાં ભાઈચંદ શેઠે ભારે કિંમતી ઘણી સામગ્રી સાથે લઈને પોતાના પિતા જાદવજીભાઈને શ્રીજીની સેવા કરવા મોકલ્યા હતા. કારિયાણીના પહેલા વચનામૃતમાં ઉલ્લેખ છે કે, "સુરતના હરિભક્ત જાદવજી છપર પલંગ લાવ્યા હતા તે ઢાળ્યો હતો"

આ જાદવજીભાઈ તે ભાઈચંદ શેઠના પિતાશ્રી હતા. આ રીતે ભાઈચંદ શેઠની ભક્તિ નિષ્ઠા આદર્શ હતી. સ્વયં શ્રીજી કહે છે. સુરત, અમદાવાદ, વડોદરે, વડતાલે જઈએ છીએ ત્યારે હજારો માણસ ભેગાં થાય છે ને તે માને છે તથા વાજતે ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે. (વચ. અંત્ય. ૩૯)

આમ, તેઓ હરિવરના અનન્ય ભક્ત હતા તેથી જ ગઢડા મધ્ય ૫૯માં વચનામૃતમાં મહારાજ જણાવે છે કે, 'જેને પૂર્વજન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ.

**તે કોઈકને વચને કરીને ન મટે એમાં શું કહેવું ? - એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે તોપણ ભગવાનના નિશ્ચયમાં ડગમગાટ થાય નહીં.**

# ગુડી પડવો

સાધુ વેદસ્વરૂપદાસ
ગુરુ :- પ. પૂ. સદ્.
શ્રી પ્રભુચરણદાસજી સ્વામી



વ્હાલા ભક્તજનો !

ચૈત્ર સુદ એકમનો દિવસ એટલે 'ગુડી પડવો'. ચૈત્ર સુદ એકમ એ મરાઠી નવા વર્ષનો પ્રથમ દિવસ છે. એ પાછળ એવી દંતકથા પ્રચલિત છે કે, 'પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાન ચૌદ વર્ષનો વનવાસ ભોગવી, લંકાધિપતિ રાવણનો વધ કરી વિજયી થઈ જે દિવસે અયોધ્યા પાછા ફર્યા તે દિવસ ચૈત્ર સુદ એકમ હતી. અયોધ્યા નગરીના લોકોએ ઘેર-ઘેર ગુડી, તોરણો ઊભા કરી રામના પાછા ફરવાનો આનંદ વ્યક્ત કર્યો. તે સંદર્ભે 'ગુડી પડવા'નો આ તહેવાર દર વર્ષે ઉજવવામાં આવે છે. ગુડી પડવાને 'વર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ દિવસે નવું પંચાંગ પણ શરૂ થાય છે. હિંદુ કાળગણના પ્રમાણે શાલિવાહન શકની શરૂઆત પણ આ દિવસે થઈ.

મહારાષ્ટ્રમાં આ દિવસે ઘરના આંગણામાં પાંચ પાંડવોની પાંચ પ્રતિકૃતિ તૈયાર કરી તેની આસપાસ સુંદર રંગોળી કરવામાં આવે છે. ગામડાંઓમાં આંગણામાં ગાયના છાણથી લીંપીને તેની પર આ રંગોળી તૈયાર કરાય છે. આ જગ્યાએ ગુડી (લાકડી) ઊભી કરવામાં આવે છે. ગુડીની ષોડશોપચારે પૂજા કરવામાં આવે છે.

ગુડી ઊભી કરતાં પહેલાં લાકડીને તેલ લગાવી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લેવામાં આવે છે. તેને હળદર-કંકુ ચડાવવામાં આવે છે. ગુડી માટે પિત્તળનો કે ચાંદીનો લોટો, કડવા લીમડાની ડાળી, હાયડા, નાનું કાપડ, સાડ, ફૂલનો હાર વગેરે સામગ્રી લેવામાં આવે છે. લાકડીના છેડે નાના રંગીન કપડાંને ફીટ બાંધી તેના પર લોટો ઊંધો મૂકવામાં આવે છે. આ ઊંધા લગાવેલા લોટામાં કડવા લીમડાની ડાળી લગાવી હાયડાનો હાર પહેરાવવામાં આવે છે. લાકડી પર સાડી જે રીતે પહેરાય તે રીતે લાકડીને સાડી પહેરાવાય છે.

મરાઠી સમુદાય માટે ગુડી પડવો એટલે નવા વર્ષની પ્રારંભ દિવસ. ગુડી પડવાનો તહેવાર મહારાષ્ટ્ર સિવાય આંધ્રપ્રદેશ, ગોવા અને તેલંગણામાં અલગ અલગ નામથી ઉજવવામાં આવે છે. ગુડી પડવાના ઘણા નામો છે જેમ કે, 'સંવત્સર પડવો, યુગદી, ઉગાદી, ચેટી ચાંદ અને નવરેહ. તે ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપુરમાં પણ ઉજવવામાં આવે છે અને ત્યાં તેને સજીબુ નોંગમાં 'પનાબા કાઈરોબા' તરીકે ઓળખવામાં આવે છે.

એક માન્યતા પ્રમાણે, આ દિવસે મહાન ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યએ પંચાંગની રચના કરી હતી જેમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત અને દિવસ, મહિનાઓ તમામ સામેલ હતા. એટલે કે હિન્દુ પંચાગની શરૂઆત પણ આ દિવસે થાય છે. વર્ષભર હિન્દુઓમાં સૌથી શુભ મૂહર્તમાંથી એક 'ગુડી પડવા'ને માનવામાં આવે છે.

ગુડી પડવાનો તહેવાર મહારાષ્ટ્ર સિવાય આંધ્રપ્રદેશ, ગોવા અને તેલંગાણામાં અલગ અલગ નામથી ઉજવવામાં આવે છે. આ દિવસે ઘરના મુખ્ય દ્વાર પર ગુડી એટલે કે ધજા લગાવવામાં આવે છે અને કેરીના પાનનું તોરણ લટકવામાં આવે છે.

બ્રહ્માજીએ ચૈત્ર માસના પ્રથમ દિવસે જગતમાં સજીવ સૃષ્ટિ નિર્માણ કર્યું. ભગવાન વિષ્ણુએ ચૈત્ર સુદ ત્રીજના દિવસે મત્સ્યરૂપમાં અવતાર ધારણ કરેલો અને સજીવ સૃષ્ટિનું નિર્માણ આ દિવસે પ્રારંભ થયું. એક

એવી પણ માન્યતા છે કે, 'સૃષ્ટિ સંરક્ષક પરમાત્માએ સંસાર માટે જ મત્સ્યરૂપમાં અવતાર લીધો હતો. વૈશ્વિક પૌરાણિક ઈતિહાસમાં આવો અવતાર પ્રથમ વાર લીધો હોવાથી આ 'ગુડી પડવા'નું વિશેષ મહત્વ છે.

ઘરમાં કે બહાર આંગણામાં ગુડી એટલે કે ધજા ઉભી કરવા પાછળનો સંકેત એવું સૂચવે છે કે, 'માનવીના મનમાંથી વળીરૂપી આસુરી શક્તિનો નાશ થાય અને મનમાં ભગવાન શ્રીરામની દિવ્યતાની ઝાંખી થાય.' ગુડી પડવો એટલે ભોગ પર યોગનો વિજય , વિકાર પર પવિત્ર વિચારનો વિજય.

આ તહેવાર મરાઠી લોકો ધામધુમથી ઉજવે છે. મહારાષ્ટ્રમાં ગુડી પડવાનો ઉત્સવએ નવા વર્ષના પ્રારંભની જેમ હર્ષોલ્લાસથી ઉજવાય છે. આ દિવસે જેમણે સૃષ્ટિનું સર્જન કર્યું તેવા બ્રહ્માજીની પૂજા કરવાનું મહત્વ છે.




ઘરના આગળના ભાગમાં રસ્તા પરથી પણ સરળતાથી જોઈ શકાય તે રીતે ગુડીને બાંધવામાં આવે છે. આ ગુડીને રામના સ્વાગત માટે શુભ ધ્વજના પ્રતીકરૂપ ગણવામાં આવે છે. ગુડી ઊભી કર્યા પછી તેના પર હળદર-કંકુ ચડાવવામાં આવે છે. ઘરના પ્રવેશદ્વાર પર આંબાની ડાળી અને તોરણ લગાવવામાં આવે છે. નવા વર્ષના પંચાંગની પૂજા કરવામાં આવે છે.

આ ઊભી કરેલી ગુડીને સંધ્યા સમયે ઉતારવામાં આવે છે. ગામમાં જ્યાં રામનું મંદિર હોય ત્યાં રાયડાની માળા અર્પણ કરવામાં આવે છે. હળદર-કંકુ, ચોખા ચડાવીને પછી જ ગુડી ઉતારવામાં આવે છે. આ દિવસથી રામનવમી સુધી રામ મંદિરમાં કીર્તનનો પ્રારંભ થાય છે.

આ દિવસની શરૂઆત કડવા લીમડાનાં પાનનું સેવન કરવાની પ્રથા છે. કડવા લીમડાને આ અરસામાં નવા પાન ફૂટેલા હોય છે. તેના કૂમળા પાન લઈ તેમાં ગોળ, જીરું, મીઠું અને લીંબુ નાંખી તેને વાટીને ગોળી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને કીટનાશક છે.

બીજી આ તહેવારની ખાસિયત એવી છે કે આ દિવસે લીમડાનું દાતણ અને લીમડાના પાન ખાવાની ખાસ પરંપરા છે. તેની સાથે એવી માન્યતા છે કે લીમડાના પાન ખાવાથી મનની કડવાશ દૂર થઈ જાય છે.

અનુસંધાન પેજ નં. '૧૮' પર

**મહારાજને પણ લિંબવૃક્ષ પ્રિય હતું. આમ, એક રીતે તો આ લીમડો મહારાજની યાદી આપે છે. એટલે જ તો નંદસંતો ગાતા કે, 'કળિયુગમાં કલ્પવૃક્ષ, નિરખો આ લિંબવૃક્ષ'**

# સત્સંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં...

### લીંબડીના સગરામની પત્ની

મઘ દાતણ ને ડાકલા જ્યા કાયમ કુબામાં હતા,
પુરુષોત્તમની પ્રેરણાથી સુખે જીવન જીવતા;
મેલા મસોતા માવજીએ હરખી પેર્યા હુલાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### છાપરીના જાનબાઈ

હઠ લઈ હઠીલા હરીને જાનબાઈએ હરાવીયા,
દર્શન દેવા દીનોનાથજી છાપરીએ સીધાવીયા;
ત્રણ જીવોને તારીયા જે ગયા શ્રીજી વાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### જેતલપુરના ગંગામાઁ

લાડ લડાવી લાલ ને વળી દીકરો કહી બોલાવતા,
સગડી ધરીને શીર પર વળી સેવા માંહી સીધાવતા;
મન મોજીલો મસ્ત બનતા શું હશે તેના સ્વાદમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### ભુજના લાધીબાઈ

ઘર માંડ્યું ઘનશ્યામનું શણગાર સોળે સજીયા,
લાધીબાઈ લાજ મુકો હેલ ભરીને હાલીયા;
અખંડવરને વરવો સમરણ શ્વાસો શ્વાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### મેથાણના અમરબાઈ

મંગળ ફેરા લઈ દંપતી પ્રભુ પાસે આવીયા,
રુડા લાગો ભાઈ બહેન તમે એવા વચન ભાખીયા;
છાંટો નહી સંસારનો ભલે રહ્યા હોય સહવાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### જામનગરના ઝવેરબાઈ

વિપ્ર કન્યા સાંખ્યયોગી મુક્ત ઝવેરબાઈ નામ છે,
આંખ ભલે જાતી રહે પણ ધર્મ મારો નિષ્કામ છે;
વાલો આવ્યા વનીતા બની સેવા કરી છે હુલાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### ગઢપુરના જીવુબા

લઈ કટોરો કર ધરે ત્યા દીનોનાથ દુધ પી ગયા,
પ્રતિતી પિતાને થઈ ઠાકોરજી થાળ જમી ગયા;
લાડીલો પોતે જીવુબાને લક્ષ્મી કહી બોલાવતા,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### ગઢપુરના સોમાફઈ

સાત પાળા ઘાયલ થયા ને સાબદા થયા સોમાફઈ,
રણચંડી બનીને હાલી કર્યુ ધીંગાણું રણમાં જઈ;
એભલ બાપુની બેનડી એની રક્ષા કરી રણવાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### ઘાંડલાના મુળી ડોશી

માંગતા ન આવડ્યું તને ઘરનો ઘસારો માંગીયો,
માગી માગીને આવું માગ્યું ડોહો બાઈ પર ખીજીયો;
હું જઈશ મહારાજ ભેળી તું આવજે મારી સંગાથમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### લોયાના શાંતાબા

કાઠીયાવાડની કાઠીયાણી કુશળ એનું કામ છે,
સુરાબાપુના ઘરઢાંકણ શાંતાબા જેનું નામ છે;
વલોણું કર્યુ વાલમ હારે સ્વાદ મુક્યો હશે કેવો છાશમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### લોઢવાના લખુચારણ

લોઢવા ગામના મહા મુક્ત ચારણ લખુબાઈ છે,
પુષ્ટ કર્યા પુરુષોત્તમને પ્રેમે દુધપાક પાઈને;
માંગતા ભલે ન આવડ્યું વાસ મળ્યો પ્રભુની પાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### લાઘણોજના અમૃતબા

પ્રેમ મોટો પદાર્થ નહી મુલવાય ના કોઈ મુલથી,
સાકર બદલે લોટ નાખ્યો દુધ સેવમાં ભુલથી;
અમૃત જેવો મીઠી લાગે જાજો જમ્યા ખેતરવાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### વરજાંગ જાળીયાના રતનબા

પારો આપ્યો પ્રભુજીએ એમાં દોરો પોરવજો,
વા દુઃખાવા મટશે પે'રી ભજન મારુ કરજો;
આજે પ્રતાપ એ જ છે જોઈ આવજો સોરાષ્ટ્રમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### બાલા (સુત્રેજ)ના કાનબાઈ

વા'લુ હોય વાલમ ને જે માગે તે અમે આપીએ,
પ્રેમજી દેવજી દીકરા બન્ને સાધુ કરવા માગીએ;
દહરાનંદ પ્રસાદાનંદની વાતુ છે વિસ્તારમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### ધમડકાના કરણીબા

પ્રીતમવરના પગમાંથી અઢાર કાંટા કાઢીયા,
ઘનશ્યામ પે'રી ઘાઘરો સંગે તેની નાચીયા;
રસબસ થયા રસીયો ઝુમી ઉઠ્યા રંગભર રાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### ડાંગરવાના જતનબાઈ

દુધ દહીની છોળુ ઉડાડે એવા ઘરે જઈ જમશું,
જમતા જમતા જો ખુટી જશે તો ત્યાંથી અમે જતા રે'શું;
હરી હાર્યા જતન જીત્યા કોલ દીધો અક્ષરવાસમાં,
સતસંગની એ સન્નારીઓ અમર છે ઈતિહાસમાં.

### અક્ષરવાસ

અ.નિ. જયંતિકાકા દલાલ જ્યારથી તેઓ સત્સંગમાં જોડાયા ત્યારથી 'તેઓ દરરોજ ઠાકોરજી માટે શાકભાજી લાવતા' આ તેમની અચૂક સેવા હતી. સમયાંતરે તેમની તબિયત નાજૂક થતાં તારીખ ૧૭/૨/૨૦૨૦ના રોજ સંતો તેમની ખબર-અંતર પૂછવા ગયા હતા. પૂ. ગુરુજીએ તેમને ઠાકોરજીના અભિષેકનું જળ પાયું તેમજ પ્રસાદીનો હાર પહેરાવીને જાણે અક્ષરધામનો ચાંદલો કરી દીધો હોય તેમ; તે જ રાત્રીએ ૧૦ વાગ્યે તેઓ મહારાજના ધામમાં સિધાવ્યા.

જેથી તેમના પરિવારજનોને છત્ર છાયાની ખોટ પડી માટે તેઓને ધીરજતાનું બળ અને સહન કરવાની શક્તિ મળે; તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના...

### ખાસ નોંધ

આવતા બે મહિના 'એપ્રિલ-મે ૨૦૨૦'નું હરિસ્મૃતિ મેગેઝીન 'મે-૨૦૨૦' મહિનામાં 'દિવ્ય દશાબ્દિ મહોત્સવ વિશેષાંક' રૂપે પ્રકાશિત કરવામાં આવશે.

# પળે પળે પુરે પરચા

પાર્ષદ શ્રી રમેશ ભગત
ગુરુ :- પ. પૂ. સદ્.
શ્રી હરિજીવનદાસજી સ્વામી



ભારત ભૂમિ એ તીર્થભૂમિ છે મહારાષ્ટ્રમાં આવેલ નાસિક અને ત્રંબક ભારતના મુખ્ય તીર્થસ્થાનોમાં ગણાય છે; જ્યાં જ્યોતીર્લિંગ સ્વરૂપે સાક્ષાત્ ભોળાનાથ ત્રંબકેશ્વર બિરાજમાન છે.

કહેવાય છે કે, સમુદ્રમંથનમાંથી નીકળેલા અમૃતકુંભને ગરૂડજીએ થોડીવાર અહી ઉતારેલો પરિણામે બાર વર્ષે એકવાર ‘કુંભમેળો’ પણ અહી ભરાય છે. વળી, ભગવાન રામચંદ્રજીએ વનવાસ દરમિયાન વાલ્મિકી ઋષિના કહેવાથી અહી નિવાસ કર્યો હતો.

આ જ સ્થળે ભગવાન શ્રીરામે ખરદુષણ જેવા અસુરોનો સંહાર કર્યો. સુર્પણખાના નાક-કાન કાપી વિરૂપ બનાવી. સીતા હરણ બાદ મનુષ્ય ચરિત્ર કરતાં ને રડતા રખડતા રામે આ પંચવટીના ઝાડે ઝાડ ને સ્થળે સ્થળને પવિત્ર કરેલ છે.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતી ભગવાન સ્વામિનારાયણ પણ વનવિચરણ દરમિયાન નીલકંઠ વર્ણીના વેશે અહિ પધારેલા અને આ સ્થળે બે માસ રોકાયેલા આ રીતે પૂરૂષોત્તમનારાયણની પદરજ પામીને આ નાસિક-ત્રંબક અને પંચવટીની ધરતી પાવન બનેલી છે. હજારો યાત્રિકો અહી દર્શને આવે છે અને ગોદાવરી ગંગામાં સ્નાન કરી પોતાની જાતને પાવન બનાવે છે.

આજથી દોઢસો વર્ષ પહેલા અમદાવાદના કેટલાક બ્રાહ્મણો સંઘ લઈ ગોદાવરીની યાત્રાએ નીકળ્યા મહિસાગર, નર્મદા, તાપી વગેરે તીર્થોમાં સ્નાન કરી સંઘ નાસિક આવ્યો. ધર્મશાળામાં ઉતારા કર્યા, ગોદાવરીમાં સ્નાન કરી પંચવટીની પરિક્રમા કરી, એ વખતે નાસિકમાં ગોદાવરી ગંગાને કાંઠે મોટો મેળો ભરાયેલો. પણ વ્યવસ્થાના અભાવે ગંદકી વધી પરિણામે અત્યારે વ્યાપેલા ‘કોરોના વાઈરસ’ની જેમ ‘મરકી’નો ભંયકર રોગચાળો ફાટી નીકળ્યો.

અમદાવાદના સંઘમાં પ્રાણવલ્લભ નામના એક ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા. તેને પણ મરકીનો રોગ લાગુ પડ્યો અને તેનું મૃત્યુ થયું.

ત્યાર બાદ સાથેના યાત્રિકો, બ્રાહ્મણો એને અગ્નિ-સંસ્કાર કરવા માટે સ્મશાનમાં લાવ્યાં. સ્મશાનમાં ચિતા ઉપર મડદાને મુકીને તે ઉપર લાકડા ખડકવા લાગ્યા.

ત્યાં અચાનક મડદામાં સળવળાટ થયો, લાકડા ખડકનાર યાત્રિકને થયું કે, ‘આમ કેમ થયું મને ભ્રાંતી થઈ કે શું ?’ પરંતુ ફરી મડદાને સળવળતા જોઈને સાથેના યાત્રિકોને કહ્યું, ‘આ મડદામાં જીવ હોય તેમ લાગે છે, જુઓ !’ સાથેનો યાત્રિક કહે, “ગાંડા ! તને ભ્રાંતિ થતી હશે, મરી ગયો, તેમાં તે વળી જીવ શાનો ? બે કલાક પહેલા તેના પ્રાણ નીકળી ગયા છે. હવે ઝટ કરો મોડુ થાય છે.”

“મોડું શું થાય ! જુઓ ! પેટ હલે છે, છાતી પણ ઊંચી નીચી થાય છે.” ત્રીજો કહે, “ઉપરથી લાકડા કાઢી નાખો”. માથેથી લાકડા દુર કર્યા, ને મનમાં બધાંને થયું કે, ‘આ શું થયુ હશે ! ભૂત તો નહિ હોય ને !!!

ત્યાં તો મૃત્યુ પામેલા પ્રાણવલ્લભે આંખ ઉઘાડી અને મોઢું મલકાવ્યું, ને બોલ્યા, “ભાઈઓ, કોઈ ડરશો નહિ ! હું ભૂત નથી. આ ગામમાં કાળનો ભયંકર વેગ

ચાલે છે અને તેમાં ઘણાં માણસો મરે છે. તમે બધા પણ તેમાં સપડાઈ જશો. તમારે બધાને ઉગરવું હોય તો હું તમને એક ઉપાય બતાવું." ત્યારે બધા કહે, "એ ઉપાય પછી, પહેલા એ કહો કે, તમે મરી ગયા હતા ને જીવતા શી રીતે થયા ?".

પ્રાણ વલ્લભ કહે, "તમે સૌ જાણો જ છો કે, 'મારું પ્લેગમાં મૃત્યુ થયું. તે તો નિમીત્તમાત્ર હતું. અંત સમયે અસહ્ય વેદના થવા લાગી. મારા આખાયે શરીરે અગ્નિ જેવો દાહ થતો હતો. તે વખતે મે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને સંભાર્યા ! સભારતા વેંત જ એ કરૂણાના સાગર ભગવાને મને દર્શન આપ્યાં, તેમના દર્શન માત્રથી જ મારા અંતરમાં અપાર શાંતિ થઈ.

મારૂ મન એ મરમાળા મોહનવરને નિરખવામાં ગુલતાન બન્યું. વિશાળ ભાલ, અણીયાળી આંખડી, નાસીકા નમણી, ગોરા ગુલાબી ગાલ, જમણા ગાલમાં ટીબકડી શોભે છે, લાલ પરવાળા જેવા હોઠ દાડમની કળી જેવા દાંતને મરક મરક હસતું એમનું મુખડું, મોહનવરની મોહક મૂર્તિ મારા મનમાં ખૂબ ગમી ગઈ અને હું તો પ્રભુના દર્શનથી આનંદ સાગરમાં ઝૂલવા લાગયો, મારા અંતરમાં પ્રેમના ફુવારા છૂટ્યા. આનંદમાં ગરકાવ થઈ ગયો.

પછી પ્રભુની ઈચ્છાથી હું બ્રહ્મમય શરીરનું ધારણ કરી, ભગવાનની પાસે વિમાનમાં બેઠો ને તે વિમાન આ દુઃખમય દુનિયાથી દુર જવા લાગ્યું.

તેવામાં કેશવે કરૂણા કરી મારી સામું જોયું ને અમૃત કરતા પણ અતિ મીઠા શબ્દોથી કહ્યું કે, "તારે કાંઈ ઈચ્છા છે ? ત્યારે મે કહ્યું, " પ્રભુ ! આ નાસિક શહેરમાં મરકીનો રોગ ચાલે છે અને તેમાં ઘણા માનવીઓ મરે છે; તો બધા મને પણ તે રીતે મરેલો માનશે, માટે આપ જો કૃપા કરો તો તે લોકોને આપના અલૌકિક પ્રતાપની વાત કરી આવું ને તે લોકો કાળના વેગથી ઉગરે તેવો ઉપાય બતાવો.

તે સાભળી સલુણો શ્યામ મરક મરક હસવા લાગ્યાં અને કહે,"જા અમારા પ્રતાપની વાતો કરજે અને લોકોને કહેજે 'સ્વામિનારાયણ' નામનો મહામંત્ર જે જપશે તે કાળચક્રથી બચી જશે.

મને ભગવાને પાછો આ પંચભૌતિક શરીરમાં મુક્યો, હવે તમારે બધાને જીવતું રહેવું હોય તો 'સ્વામિનારાયણ' નામની ધૂન કરો એમ કહી પોતે જ તાળી પાડીને ઉચે સ્વરે 'સ્વામિનારાયણ' નામની ધૂન મચાવી.

મૃત્યુના ભયથી બધા બ્રાહ્મણો 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન કરવા લાગ્યા તે સાંભળી ચારે બાજુથી માણસો દોડી આવ્યા ને સમસ્ત સ્મશાન ભૂમિ "સ્વામિનારાયણ" મહામંત્રથી ગુંજી ઉઠી. વાતાવરણ બ્રહ્મભીનું બની ગયું. સ્મશાનની બિહામણી ભૂમિ મૃત્યુની ભયાનકતા મંગળ મહોત્સવમાં પરિણમી.

અને અંતે 'સહજાનંદ સ્વામી મહારાજ'ની જયઘોષ કરીને પ્રાણવલ્લભે કહ્યું, "લ્યો ભક્તો જય સ્વામિનારાયણ ! હવે હું પ્રભુની પાસે જાઉ છું તમે સહુ સ્વામિનારાયણનું ભજન કરશો તો મહાકાળના પંજાથી ઉગરી જશો". એમ કહીને પ્રાણવલ્લભ યોગીઓને દુર્લભ એવા અક્ષરધામમાં પહોચી ગયા.

આ બાજુ મૃત માનવીને જીવતો થયેલો જોઈ હજારો

અનુસંધાન પેજ નં. '૧૮' પર

'ભગવાનના સાચા આશ્રિતોને કાળનું તેડું હોતું જ નથી, તેમને આ શરીરની અવધિ પૂરી થતા ભગવાન પોતે દિવ્યદેહ આપીને તેને ધામમાં તેડી જાય છે.



# બાળ કલરવ

સાધુ તીર્થસ્વરૂપદાસ
ગુરુ :- પ. પૂ. સદ્.
શ્રી પ્રભુચરણદાસજી સ્વામી



વ્હાલા બાળકો ! તમને તો ઘણું ટેન્શન રહેતું હશે રોજ સ્કૂલમાં ભણવા જવાનું વળી ત્યાંથી પાછુ ટ્યુશન ક્લાસમાં જવાનું ને બંને જગ્યાએથી હોમવર્ક આપે તે લખી તૈયાર કરી ફરી પાછુ બીજે દિવસે બતાવવાનું. વળી પાછી દર અઠવાડિયે પરીક્ષા આવે તો વળી પાછી એની પણ તૈયારી કરવાની.

આમ માંડ માંડ બધું સમૂસુતરુ થઈ રહે બીજા અઠવાડીએ વળી પાછી પરીક્ષા આવીને ઊભી રહે ટેન્શન ને ટેન્શન જ; પણ તેમાંથી મુક્ત થવાનો એક ઉપાય છે....,

તમે કહેશો કે, તો અમારે ફ્રેશ થવા હળવાફૂલ બનવા શું કરવું ? - તો તેનો ઉપાય તો આપણા શ્રીજી મહારાજે પોતે જ જણાવેલો છે અને તેનું પ્રમાણ પણ કરેલું છે અને તે ઉપાય છે; - ભગવાન ના ચરિત્રો...!!

ભગવાનના ચરિત્રો જો સાંભળીએ-વાંચીએ તો આખા દિવસનો થાક ઉતરી જાય અને એકદમ હળવા થઈ જવાય. તો ચાલો ! હળવાફૂલ બનવા માટેનો માત્ર એક ઉપાય ઘનશ્યામ મહારાજનું ચરિત્ર વાંચવા માટે તૈયાર થઈ જાવ....,

એક સમયને વિષે નેપાલ દેશના પહાડી વૈરાગીની જમાત પોતાના દેશમાંથી યાત્રા કરવા નીકળીને દેશાન્તરમાં ફરતા ફરતા તે વૈરાગીઓ ગંડકી નદીમાંથી શાલીગ્રામ લઈને અયોધ્યાપુરી આવતાં વચ્ચે છપૈયાપુરમાં આવતા હતા.

આવીને તેમણે ખાંપા તલાવડી ઉપર પોતાનો ઉતારો કર્યો. તે જમાતમાં હાથી, ઘોડા, મેના, ડંકો નિશાન, ઉંટ, અબદાગીરીઓ સહિત જંજાળ્યો, તોપો, તીર, ભાલા, તરવારો, છરા, કટારો, ગુપ્તિઓ, સાંગ્યું, લુંવાગ્યું, લાકડીઓ, ધોકા, ચિપીયા એ આદિક હજારો હથિયાર તથા ઠાકોરજી માટે દૂધ પાવા ગાયો અને ઠાકોરજીનાં દશ સિંહાસનો તથા દેરા, તંબુ, રાવટીઓ. એવી રીતે ઘણા સામાન સાથે 'સો-સો'ના ટુકડે દશ જમાતો હતી. તે જુદા જુદા વિભાગમાં ઉતરી હતી.

તેને જોવા માટે ઘનશ્યામ મહારાજ પોતાના સખા તથા ભાઈથી વિંટાણા થકા તલાવડી ઉપર જતા હતા. ત્યારે તે સમયે કેટલાક વૈરાગી મળીને ગામમાં ધર્મદેવનું નામ પૂછતા થકા આંગણામાં આવીને બોલ્યા જે, 'ધર્મદેવ કોનું નામ છે ?' ત્યારે ધર્મદેવ બોલ્યા, 'મારૂં નામ છે.' ત્યારે તે વૈરાગી બોલ્યા જે, 'અમો એક હજાર વૈરાગી છીએ માટે સર્વેને સીધાં અપાવો.' એમ કહીને આંગણા વચ્ચે ધોકા અને ચીપિયા પછાડવા લાગ્યા.

તે જોઈને ગામના ધણી મોતી તરવાડી તો ત્રાસ પામીને પોતાના અધવારાના ગામ ગાયઘાટ નાસી ગયા. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, 'હે સંતો ! આ તો નાનું ગામ છે. માટે મારા ઘરમાં તમો સર્વે જમો તેટલું સીધુ ક્યાંથી હોય ! પરંતુ તમો બેસો, મારાથી જેટલી તમારી સરભરા થશે તેટલી કરીશ.' ત્યારે બોલ્યા જે, 'તમારૂં નામ જાણીને અમો તો આવ્યા છીએ માટે તમો બધાંય સીધાં આપો. અમો તો તમને ઓળખીએ છીએ.'

તેવું સાંભળીને અંતરમાં ચિંતા કરવા લાગ્યા જે, 'હવે શું કરવું. મોતી તરવાડી તો નાસી ગયા, નહિ તો ગામના મહાજનને કહીને સીધું ઉઘરાવી આપત અને ઘનશ્યામ તો ભાઈ સહિત જોવા માટે ગયા છે. એવી રીતે ચિંતા કરતા સતા ઓસરીની જેર ઉપર બેઠા.

ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાના પિતાને અંતર્યામીપણે ઉદાસ થયેલા જાણીને તત્કાળ મોટાભાઈ સહિત ઘેર આવ્યા અને બોલ્યા જે, 'દાદા ! તમો શા માટે આટલી બધી ચિંતા કરો છો ? અને તમારે બીજાનું શું કામ છે ? આપણા ઘરમાંથી બધાંય સીધાં આપો. જુઓને ! ઘરમાં જે જોઈએ તે નીકળશે.'

તેવું સાંભળીને પોતાના મનમાં હિંમત આવી અને સુવાસિનીબાઈએ સાકર, ઘી, લોટ, ચોખા, દાળ વગેરે જે જે સમાન સીધામાં જોઈએ; તે સર્વેને લાવીને ધર્મદેવની સમીપે મૂક્યો. ત્યારે તે સર્વે વૈરાગીઓને જેટલું જોઈએ તેટલું સીધું તેમના કહેવા મુજબ આપતા હતા; તો પણ સીધું ખુટ્યું નહિ અને જેટલું સુવાસિનીબાઈએ લાવીને મૂક્યું હતું, તેટલું તો એમને એમ પાછું ઘરમાં લઈ ગયાં.

ત્યાર બાદ વૈરાગીઓ સીધું લઈને રાજી થઈ, પોતાના ઉતારા ઉપર જઈને રસોઈ કરીને ઠાકોરજીને ધરાવીને જમ્યા. પછી સાંજના સમયે ધર્મદેવ પોતાના બે પુત્રોને સાથે લઈને બીજાં પણ કેટલાંક માણસોથી વિટાંણા સતા તે જમાતની તપાસ કરવા ગયા એટલે સર્વે વૈરાગી રાજી થયા અને બોલ્યા જે,



'હે ધર્મદેવ ! તમારા ઘરના જેવું સીધુ અમોને કોઈ સ્થળે મળ્યું નથી. માટે તમારા પુત્ર કોઈક ઈશ્વર છે. આટલા અમો હજારો વૈરાગી છીએ. અમોને સીધાં આપવાની હિંમત તમોને આપી અને ઘરમાંથી પણ થોડાંક સીધાંનો સમાન લાવીને તમારી સમીપે મૂક્યો. તેમાંથી અમોને મન ગમતાં સીધાં આપ્યાં, તો પણ વાસણમાં એમને એમ સીધું રહ્યું. તે જોઈને અમો તો આશ્ચર્ય પામી ગયા. માટે આ તમારા પુત્ર જરૂર કોઈ ઈશ્વરનો અવતાર છે.' એમ કહીને તેમનું સન્માન કરીને આસન આપીને બેસાર્યા.

ત્યારબાદ ત્યાંથી ઉઠીને જમાતમાં જોતા જોતા આગળ બીજા વૈરાગીઓની ટુકડીમાં ગયા. ત્યારે તે વિભાગમાંથી એક વૈરાગી જે ધર્મદેવને ઉચ્ચ સ્વરે સામું બોલ્યો હતો; તે વૈરાગી એક વ્યાઘ્રચર્મ ઉપર બેસીને પોતાની તરવારે મરીયા પડ્યાં હતાં તેને ઘસીને કાપતો હતો.

ત્યારે તે વ્યાઘ્રચર્મ જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, 'હે દાદા ! મને આ વ્યાઘ્રચર્મ જોઈએ છે.' તેવું સાંભળીને વૈરાગી બોલ્યો જે, 'ये लडका क्या बोलता है ?' ત્યારે ધર્મદેવે કહ્યું જે, 'ये कहता है की, तुमने जो जमीन पर बिछाया हुआ व्याघ्रचर्म है, वो चाहिए !' ત્યારે તે બોલ્યો જે, 'ये चर्मका तो तीनसो रूपिया लगेगा.'

અનુસંધાન પેજ નં. '૫' પર

વહાલા બાળકો ! મોબાઈલ, ટેબ્લેટ, આઈપેડ અને ટી.વી. - એ તો તમારું ભણતર બગાડશે અને પાછું શરીર પણ બગાડશે.

# 'કોરોના' વાઈરસ

લે. - ડૉ. રાજીવ એમ. ચૌહાણ



આજ -કાલ સમગ્ર વિશ્વમાં જેણે હાહાકાર મચાવ્યો છે; જેનો દેશ-વિદેશમાં રહેતા લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે.

તેવા 'કોરોના વાયરસ' વિશેની 'પ્રાથમિક માહિતી, આહાર-વિહારમાં લેવા યોગ્ય સાવચેતીના પગલા તેમજ અમુક ફેલાતી અફવાઓ' - આ બધી બાબતો આજે આપણે જાણીશું.

## કોરોના વાયરસનો ઉદ્ભવ અને પ્રાથમિક માહિતી

ઈ.સ. ૨૦૨૦ની શરૂઆતમાં જ 'W.H.O. દ્વારા ૭ જાન્યુઆરીએ ચીનના વુહાંગ શહેરમાં કોરોના વાયરસનો કેસ જોવા મળ્યો હતો. આ શહેર કોરોનાનું ઉદ્ભવ સ્થાન છે. અત્યારે આ શહેરમાં સીલ લાગી ગયું છે.

તેમજ વળી જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ સુધીમાં આ કોરોના વાયરસના ઈન્ફેક્શનથી આશરે ૫૫૦૦ લોકો મૃત્યુ પામેલા છે.

આ વાયરસ પશુઓમાંથી જ માણસમાં ફેલાયેલો છે. જેને W.H.O. દ્વારા 'મહામારી' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

## યુનિસેફ દ્વારા કોરોના વાયરસની પ્રાથમિક માહિતી

- કોરોના વાયરસનું કદ ૫૦૦ માઈક્રોન જેટલું છે જેથી સામાન્ય માસ્ક કે કપડું આપણે 'મો' પર રાખીએ તો પણ આ વાયરસના ઈન્ફેક્શનથી બચી શકાય છે.
- આ વાયરસ હવામાં ઉડી શકે તેમ નથી તેમજ વાયરસ હવામાંથી કોઈ સપાટી પર સ્થિર થઈ જાય છે. તેથી હવામાં ફેલાતો નથી.
- સપાટી પર સ્થિર થયા પછી તે વાયરસ ૧૨ કલાક જીવિત રહે છે અને અંતે મૃત્યુ પામે છે.
- આ વાયરસ કપડા પર ૯ કલાક જીવિત રહે છે.
- આ વાયરસ ૨૭ ડીગ્રી સેલ્સીયસ સુધી જ જીવિત રહે છે. તેથી વધારે તાપમાનમાં મરી જાય છે.
- આ વાયરસ શરીરમાં ક્યાંય સ્પર્શ થાય તો માત્ર ૧૦ મિનિટમાં તે શરીરમાં પ્રવેશ કરે છે.
- આ વાયરસનો ઈન્ક્યુબેશન પિરિયડ ૧ થી ૧૪ દિવસનો હોય છે; કહેતા શરીરમાં પ્રવેશ્યા પછી તે ૧૪ દિવસ સુધીમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપી દે છે.

## કોરોના વાયરસના લક્ષણો

- તાવ આવવો, ઉધરસ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ થવી, ન્યુમોનિયાના લક્ષણો થવા, ગળામાં દુ:ખાવો થવો.
- કોરોના વાઈરસનું ઈંફેક્શન અતિ હોય તો આપણા શરીરના અંગો ફેલ થઈ શકે છે.
- આ વાયરસમાં કોઈ એન્ટીબાયોટિક દવા કામ કરતી નથી.
- જે વ્યક્તિમાં રોગપ્રતિકારક શક્તિ વધારે હોય તે આ વાયરસથી બચી શકશે.
- અત્યાર સુધીમાં જે લોકો મૃત્યુ પામેલા છે; તેમાં ઘણા વૃદ્ધોનો સમાવેશ થાય છે; કેમ કે, તે લોકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે.
- આજની તારીખ કહેતા ૧૪ માર્ચ સુધીમાં ૮૦થી વધુ દેશોમાં કુલ ૧,૪૮,૦૦૦થી વધુ લોકો આ

વાયરસમાં સંડોવાયા છે.

<u>આહાર-વિહારમાં લેવા યોગ્ય સાવચેતીના પગલા</u>

૧. આહાર :-

☒ વિરુદ્ધ આહારનું સેવન ન કરવું.

☒ પચવામાં ભારે તથા ચિકણા શાકભાજી ન ખાવા.

☒ જમ્યા બાદ તુરંત ફરીથી અન્ય ખોરાક ન લેવો.

☒ વાસી, આથાવાળી, મેંદાની બનાવટ, દહીં-દૂધની બનાવટ, ફાસ્ટ ફૂડ, ઠંડા પીણા અને બહારનું ખાણું કે ફ્રીજની કોઈ પણ વસ્તુ ખાવી નહીં.

☑ ઘરમાં બનાવેલો સાત્વિક, સુપાચ્ય, હળવો ગરમ ખોરાક લેવો.

☑ 'એકકાલ ભોજન' કહેતા દિવસમાં એકવાર ભોજન લેવું, સૂર્યાસ્ત પહેલા હળવું ભોજન લેવું.

☑ મગ, મસૂર, ચણા અને કળથીનો ગરમ સુપ પીવો.

☑ શાકભાજીમાં કારેલા, પરવળ, દુધી, કોળું, સરગવો, આદુ હળદર અને ફુદીનો લેવા.

☑ ફળમાં પપૈયા, દાડમ તથા આમળા જેવા ફળો લેવા.

☑ હુફાળું પાણી અથવા સૂંઠ નાખીને ઉકાળેલું પાણી પીવું.

☑ હળદર-મીઠાવાળા નવશેકા પાણીના કોગળા કરવા.

☑ ઉકળતા પાણીમાં અજમો નાખી નાસ લેવો.

૨. વિહાર :-

☒ ભીડવાળી જગ્યાએ બિનજરૂરી જવું નહીં.

☒ દિવસે ખાસ કરીને જમીને સુઈ જવું નહીં. તેમજ રાત્રે મોડે સુધી જાગવું નહીં.

☒ જરૂર વિના હાથથી આંખ-નાક અને મોઢાનો સ્પર્શ વારંવાર ન કરવો.

☑ ખાસ કરીને હાથની સફાઈ રાખવી.

☑ ઘરની સામે તથા આસપાસમાં વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી.

☑ શરદી-ખાસીના દર્દીઓથી ઓછામાં ઓછું ૧ મીટર દૂર રહેવું.

☑ મોઢે બાંધવા માટે માસ્ક અથવા રૂમાલ, એ પોતાનો જ હોય તેનો વપરાશ કરવો; કહેતા તે બીજાને દેવો નહીં અને બીજાનો લેવો પણ નહીં.

☑ પ્રાણાયામ અને વ્યાયામ કરવા.

**મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ કે, 'હે મહારાજ ! આપ સૌનું હિત જ કરો છો. માટે આપ 'કોરોના વાયરસ' થકી સર્વની રક્ષા કરજો.'**

<u>અન્ય માહિતી</u>

સોશીયલ મીડીયાના માધ્યમ જેવા કે, facebook તેમજ whatsapp વગેરે દ્વારા ફેલાતી અમુક ખોટી અફવાઓથી દૂર રહેવું. કોરોના વાયરસનો motality rate ૦.૩ % જેટલો છે. જેમાં ૯૮ % જેટલા

અનુસંધાન પેજ નં. '૧૮' પર



પેજ નં. ૮નું ચાલુ...

## હિન્દુ પરંપરા અને લીમડાના પાંદડાં

હિન્દુ પરંપરામાં આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં દક્ષિણ રાજ્યોમાં ઉનાળાની મોસમમાં અમ્મન તહેવારો આવે છે. ઉનાળાના મહિનાઓમાં (ઉનાળા મોસમ દરમિયાન) તહેવારો ઉજવવાનું એક સારું કારણ છે કે જે, અમુક ગરમી-સંલગ્ન રોગો જેવા કે ઓરી, શીતળા, અછબડા, અળાઈ અને ગરમી અળાઈ ઝડપી ફેલાતા હોય છે. આ ચેપી અને બિન-ચેપી રોગોને અટકાવવા માટે, લોકોએ લીમડાના પાંદડાં અને લીમડાની છાલનો આ તહેવાર ઉજવવાનું શરૂ કર્યું. લોકોને હકિકતની ખબર નથી કે 'લીમડાના પાંદડાં, એન્ટિસેપ્ટિક, બેક્ટેરીયા પ્રતિરોધી, અને ફૂગ પ્રતિરોધી લક્ષણો ધરાવે છે, તેઓ માને છે ભગવાનનો આ પ્રસાદ છે અને આથી તેઓ લીમડાના પાંદડાં અને હળદરના પાવડરનો ઉપયોગ કરી ભાવપૂર્વક ભગવાનનું ભજન કરે છે.

એવું પણ માનવામાં આવે છે કે લીમડાના પાંદડાંનું આવરણ અછબડા અને ઓરીની સારવાર માટે અસરકારક છે; ઝડપી સાજાં કરવાના પ્રયાસ તરીકે શરીર પર પાંદડાંઓ હળવી રીતે ઘસવામાં પણ આવે છે. આ પરંપરાગત સારવાર હજુ પણ ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

ભારતમાં નિમવૃક્ષ એ "પવિત્ર વૃક્ષ", "રામબાણ", "પ્રકૃતિની દવા દુકાન", "ગ્રામ્ય દવા" અને "તમામ રોગો માટે અક્સીર ઈલાજ" જેવા વિવિધ ઉપનામોથી ઓળખાય છે. લીમડામાંથી તૈયાર થતા ઉત્પાદનો પ્રમાણિત તબીબી ગુણો ધરાવે છે, કૃમિનાશક, ફૂગપ્રતિરોધી, ડાયાબિટીસ પ્રતિરોધી, બેક્ટેરીયા પ્રતિરોધી, વાયરસ પ્રતિરોધી, ફળદ્રુપતા પ્રતિરોધી, અને શામક હોય છે.

વ્હાલા ભક્તજનો ! નિજ મંદિરમાં પણ દર વર્ષે 'ગુડી પડવા' ના દિવસે સવારે શણગાર આરતી બાદ કડવા લિમડાના પાનના રસનો પ્રસાદ આપવામાં આવે છે. જેનો લાભ સૌ કોઈ ભક્તજનો હોંશે હોંશે લે છે...

પેજ નં. ૧૨નું ચાલુ...

માણસો આશ્રયમાં ગરકાવ બની ગયા. વાયુવેગે આ વાત મેળામાં પ્રસરી ગઈ ને કોઈએ કહ્યું, "એ સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે ભક્તોએ કહ્યું, "આજે કલિકાળમાં પણ એ બોલતા ચાલતા ભગવાન છે. માટે જે તેમના નામનું રટણ કરશે તે કાળચક્રથી બચશે. જેણે સ્વામિનારાયણ નામનો જપ કર્યો તે બધા જ ઉગરી ગયાં.

આ જીવતકથા છે; આ પ્રસંગથી સૌને ખ્યાલ આવ્યો કે, 'ભગવાનના સાચા આશ્રિતને કાળનું તેડું હોતું નથી, તેમને તો શરીરની અવધિ પૂરી થતા ભગવાન પોતે તેને ધામમાં તેડી જાય છે.

આમ, આપણા મહારાજ પોતાના ભક્તોની કાળ-કર્મ-માયાથી રક્ષા કરે છે.

પેજ નં. ૧૭નું ચાલુ...


કેસમાં દર્દી સાજા થઈને ઘરે પણ જઈ શકે છે.

જેને કોરોના વાઈરસનું ઈંફેક્શન લાગે છે તે તરત જ મરી જાય છે. - આ વાત સાવ સાચી નથી. ૭૧,૦૦૦થી પણ વધારે લોકો કોરોના વાયરસના ઈન્ફેકશનમાંથી સાજા થયા છે.

કોરોના વાયરસ લક્ષણો સામાન્ય શરદી-કફના લક્ષણોમાં મળતા આવે છે; પરંતુ તેની સાથે કોઈ કોરોના વાઈરસવાળી વ્યક્તિના સંપર્કમાં આવેલ છે કે નહીં ? - તે બાબતોથી સાવધાન રહેવું.

વહાલા ભક્તો ! અંતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કરીએ કે, 'આપણે કોરોના વાયરસ જેવી મહામારીથી બચીએ.'

અને વળી આ વાઈરસ આપણને ન લાગે તેની આપણે તકેદારીઓ પણ રાખીએ...!!!










મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







પ્રતિષ્ઠા ઉત્સવની દિવ્ય સ્મૃતિઓ તથા હૃદયોદ્ગાર વ્યક્ત કરતા પૂ. ગુરુજી.





પ.ભ.શ્રી જયંતિકાકા સુરતીને અંતિમ સમયે ઠાકોરજીના દર્શન તથા પ્રસાદીનો હાર પહેરાવતા પૂ. ગુરુજી.

Registered RNI No. GujGuj16837



દિવ્ય દશાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, વેડરોડના યજમાન પદે રાત્રિધુનમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનમાં મસ્ત સંતો તથા ભક્તો.

શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ,
સહજાનંદ ચોક, સુરત-૪.
ફોન નં. (૦૨૬૧) ૨૫૨૨૪૨૪
મો. ૯૬૦૧૨ ૮૧૭૦૪

Owner : Shree Swaminarayatn Trust, Publisher & Printer : Swami Prabhucharandasji Guru Harijivandasji,
Printed at : Harikrushna Graphics, 703, Sarovar Complex, B/h. Samudra Complex, C.G. Road, Navarangpura, Ahm'd.
Published : Shree Swaminarayan Mandir, Ved Road, Shajanand Chok, Surat - 395004 Gujarat.